<u>**ક્રીમીનલ ઈન્કવાયરી નં.૧૯/૨૦૨૬.**</u>

<u>**આંક–૧ લગત હુકમ..**</u>

**(૧).** હાલની ઈન્કવાયરીના કામે ફરીયાદીએ અલગથી રજુ કરેલ ઈન્કવાયરી અંગેનુ સોગંદનામુ તથા આ કામે ફરીયાદ સાથે રજુ થયે દસ્તાવેજો ધ્યાને લેતાં, હાલની ઈન્કવાયરી ફેસલ કરી, આ કામે રજુ થયેલ ફરીયાદ તથા તેની સાથેના દસ્તાવેજો તથા ફરીયાદીનુ સોગંધ ઉપરનુ વેરીફીકેશન ધ્યાને લેતાં તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના આવશ્યક તત્વો વંચાણે લેતાં, તે મુજબના આવશ્યક તત્વો, રજુ દસ્તાવેજી પુરાવાથી પ્રથમદર્શનીય રીતે સંતોષાતા હોય, જેથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ લક્ષમાં લેતાં, આરોપી સામે સદર ગુના સબંધિત ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પુરતા કારણ જણાતા હોઈ, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧).** આ કામે ઉપરોકત જણાવેલ કારણોસર હાલની ક્રિમીનલ ઈન્કવાયરી ફેસલ કરવામાં આવે છે અને સદર ફરીયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવા હુકમ કરવામાં આવે છે.

**(૨).** આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના આક્ષેપિત ગુના સબંધે આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી કરવી જરૂરી જણાતી હોઈ, આરોપી વિરૂધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૭ મુજબ મુદત તા.૦૪/૦૫/૨૦૨૬ નાં રોજનો સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૪/૨૦૨૬.
ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., ભેસાણ.
(જજ કોડ–જીજે૦૧૩૯૧)